સાલ : ૧૭ / સિલસિલાવાર નંબર : ૧૫૧ / શુમારો : ૨ | કુલ પાના - ૧૬

MISHKAAT UL HAADI

مشكوة الهادي

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. | રબીઉલ અવ્વલ-રબીઉલ આખર ૧૪૪૧ / નવેમ્બર-ડીસેમ્બર ૨૦૧૯

# કિશતીએ નજાત

## ઈમામુઝ્ઝમાન (અ.સ.) અને આપના મુમેનીન

દાઅવતે હાદીયહ ઈબ્દાઈયહ એક અઝીમ રૂહાની સલ્તનત છે. આ સલ્તનત હમેશા વાસ્તે છે, કેમકે તેનો રિશ્તો-નાતો અલ્લાહતઆલાની વહેદાનીયત-એકોકારી સાથે છે. તેનો વાહિદ મકસદ લોગોના જાનોને-નફસોને અને અમલોને પાકો સાફ કરી તેને તરક્કી બખ્શવું છે. જિસ્માની આલમમાં આ સલ્તનતે નૂરાનીની બાગદોડ સંભાલવા અલ્લાહતઆલાએ હર ઝમાનમાં એક ઈમામ મુકર્રર કીધા છે. આ ઈમામને ઈમામુઝ્ઝમાન (અ.સ.) કહેવાય છે, જે દાઅવતે હાદીયહ ઈબ્દાઈયહના સુલ્તાન છે. **અલ્લાહતઆલાની ઝમીનમાં તેના કાઈમ મકામ છે.** કુરઆને કરીમમાં એમ ઈરશાદે રબ્બાની થાય છે કે, **" લહૂ દાઅવતુલ હક્ક "**, યાઅની કે, હક્કની દાઅવત-સચ્ચાઈ તરફ પુકાર અલ્લાહ અને અલ્લાહના વલી-કાઈમ મકામ વાસ્તે છે. હક્કની દાઅવતના ધણી અને મુખ્તાર ઈમામુઝ્ઝમાન (અ.સ.) છે.

હમેં તમામ મુમેનીન અબ્નાઉદ્દાઅવત છે, યાઅની કે, દાઅવતના ફરઝંદો છે, બચ્ચાંઓ છે કે, જેમની તરબીયત હર હાલમાં લાઝિમ છે. લેહાઝા, હમ ફરઝંદોના માલિક અને મુરબ્બી ઈમામુઝ્ઝમાન (અ.સ.) છે. જે સાહેબ તરબીયત કરનાર હોય તે જ હિફાઝત પણ કરનાર હોય. તો હર જગે, હર ગામમાં મુમેનીનની હિફાઝત કરનાર ઈમામુઝ્ઝમાન (અ.સ.) છે. ઈમામ સતરમાં જાય, પડદામાં જાય તો આપની આ ઝિમ્મેદારી ખતમ નથી થઈ જાતી. પણ આપની ગૈરહાઝિરીમાં આપના દાઈમાં આપની તમામ સિફતો અને નૂરાનીયત ઝાહિર થાય છે. આપના દાઈ આપના એઅજાઝના મઝહર-સરચશ્મા બની જાય છે.

### કિસ્સો

આ જ સિલસિલામાં આ શુમારામાં હમેં ૨૪ માં દાઈ સૈયેદના યુસૂફ નજમુદ્દીન બિન સૈ. સુલૈમાન (આ.કુ.) ના ઝમાનનો એક નાદિર કિસ્સો પૈશ કરીએ છીએ કે, જે વક્ત આપ મુખ્તસર વક્ત વાસ્તે અહમદાબાદમાં મુકીમ હતા. આપ મૌલા ના ઝમાનમાં કેટલાક મુમેનીન મુખ્લેસીન આપની રઝા લઈને હજ્જનો ફરીઝો અદા કરવા મક્કા-મદીનાની સફર પર ગયા. આપ મૌલાની દોઆથી હજ્જ અદા કીધા બાદ મદીનામાં રસૂલુલ્લાહ બાવાજીની ઝિયારતથી મુશર્રફ થયા. મદીનાથી સફર કરીને તમામ એક બંદર પર આવા અને ત્યાંથી એક હોલકામાં બેસીને હિન્દુસ્તાનની તરફ આવવા રવાના થયા.

દરીયાઈ સફર દરમિયાન માજરો એવો બનો કે, દરીયામાં એક મોટું તૂફાન નમૂદાર થયું અને તેના ઝોર-હવાના રૂખના સબબ હોલકું તેની રાહથી ભટકીને **કહાઁથી કહાઁ નિકલી ગયું.** ખૌફનાક તૂફાનના સબબ દરીયામાં ભારી વરસાદ અને તલાતૂમ આવી ગયો. હોલકાના કપ્તાનના હાથમાં તેનો કબ્ઝો રહ્યો નહીં, તેની કમાનો માંથી તમામ પડદા ફાટી ગયા. કપ્તાને વાહનમાં સવાર મુમેનીનને કહ્યું કે, "અપનું આ વાહન મારા કબ્ઝામાં હવે રહ્યું નથી. જહાઁ કહીં આ તૂફાન વાહનને લઈ જાય વહાઁ **અપને અલ્લાહના ભરોસે જાવું પડશે.** પડદા તો ઠીક છે મગર તેને સહારો આપનાર પાટીયાઁ અને થાંભલા પણ તૂટી ગયા છે."

(બકીયાહ પેજ નં. ૨ પર)

**બૈરો પોતાના હાથને મહેંદીથી રંગાયેલા રાખે.**

(પેજ નં. ૧ નું બાકી)

આહિસ્તા આહિસ્તા તૂફાન થમી ગયું અને હવાનું ઝોર ઘટી ગયું. મુમેનીને જે તરહ આ બલાથી બચવા ઈબાદત અને દોઆ કીધી હતી તેનો આ નતીજો અને ફલ હતું. આખિરકાર તે હોલકું એક કિનારા પર જઈને ઠહેરૂં અને મુમેનીને જોયું કે, જહાઁ વાહન ઉભેલું છે વહાઁ કોઈ ઝમીનનો કિનારો છે. તે ઝમીનથી વાહનનો કોઈ પણ શખ્સ વાકિફ ન હતો. હોલકામાં ફક્ત મુમેનીન જ ન હતા મગર ગૈર લોગો પણ હતા. આ લોગો મુમેનીનનો એહતેરામ કરતા હતા, કેમકે હાલમાં જ તેઓ હજ્જે બયતુલ્લાહના અરકાન કરીને ફિરા હતા. આપસમાં મશ્વરો થયો અને સઘલા હોલકામાંથી તે કિનારા પર ઉતરી ગયા.

મુમેનીન પરૈશાન થયા કે, કોઈ આબાદી નઝર આવતી નથી. જ્યાં પણ જાય છે ત્યાં જંગલ જ જંગલ છે. એટલામાં તેમાંથી એક ભાઈને જંગલમાં એક હવેલી નઝર આવી. સઘલાએ તય કીધું કે, હવે યહાઁ અપના વાસ્તે કોઈ જ આસરો નથી, તો ચલો અપને તે હવેલી તરફ જઈએ. અલ્લાહ કરે કોઈ રસ્તો મિલી જાય!! જે વક્ત હવેલીથી કરીબ થયા તો પાનીનો એક ચશ્મો નઝર આવો. તાઝૂં અને વહેતું પાની જોઈને તમામ પરૈશાનશુદા મુસાફિરોએ ગુસ્લ કીધો, ઠંડું પાની પીધું, નમાઝ પઢી અને ત્યાં જ હવેલીના બાહર ખુલ્લી જગામાં અનાજ પકાવું. એક સાથે થાલમાં તમામ બાસુકૂન જમા અને આરામ કીધો. **જાણે માથા પરથી ખૂબ મોટો બોઝ ઉતરી ગયો હોય.** સઘલાએ અલ્લાહનો ખૂબ હમ્દો શુક્ર કીધો.

જેમ જેમ મગરિબનો વક્ત કરીબ થયો તેમ હવાનું ઝોર વધવા લાગું, જંગલી જાનવરોના આવાઝ આવવા લાગા અને અંધારૂં થાવાથી સઘલા ગભરાયા અને ખૌફઝદા થયા. ડરના મારે બધા એક એક કરીને હવેલીના અંદર દાખિલ થયા અને મગરિબની નમાઝ પઢી. જેમ જેમ રાત ગુઝરતી ચાલી તેમ તેમ વાઘ અને વરૂંના દહેશતનાક આવાઝથી જંગલ ગુંજવા લાગું. સઘલાને થયું કે, આ હવેલીમાં અપની મૌજૂદગીનો અહેસાસ આ જાનવરોને થઈ ગયો છે. શાયદ કે આ હવેલીને તેઓ ઘેરી લે, અપનો શિકાર કરી લે અને આ જ નાઉમ્મીદી અને લાચારીમાં અપને અપની ઝિંદગીને ખોઈ દઈએ.

આ મુમેનીનમાં એક બુઝુર્ગ શખ્સ પણ હતા. તેએ સઘલાને તમક્કુન રાખવાનું કહ્યું. તેએ એક ઝમાનમાં તેના સાથે જંગલમાં જ ગુઝરેલા હાદેસાની ઝિક્ર કીધી. તે બુઝુર્ગે નઝરૂલ મકામની તાકત, તાસીર અને અહેમીયતનું યકીન સઘલાના દિલોમાં મઝબૂત કીધું. નઝરૂલ મકામ માનવાના સબબ તે વક્ત તેની જાન જંગલી જાનવરોમાં કઈ તરહ બચી હતી તેનો તફસીલી વાકેઓ બયાન કીધો. વાકેઆને જાણી સઘલાના **દિલોમાં ઉમ્મીદનો એક નવો સૂરજ તુલૂઅ થયો.** નઝરૂલ મકામની શિકલમાં તે જંગલના અંધારામાં રોશનીની એક શમ્એ ફરૌઝાઁ નઝર આવી.

## નઝર અને મિન્નત

સઘલાએ પોત-પોતાની હૈસીયત અને કદર મુતાબિક ઈમામુઝઝમાન (અ.સ.) ની નઝર અને મિન્નત માની. દિલમાં એમ નિય્યત કીધી કે, “અય અલ્લાહના વલી, ઈમામે ઝમાના! હમને વતન જાવાની ઉમ્મીદ છે. આપની ઈનાયત થાય તો આ બલાથી હમેં છૂટીએ. આપ જ કોઈ રસ્તો બતાવો કે હમને યહાઁથી નજાત મિલે. અય હમારા ઈમામ! હમેં આપના ગુલામોં છીએ. **અલ્લાહ બાદ આપના સિવાય હમારો કોઈ સહારો નથી.** જંગલની આ આફતમાં હમેં ગિરફ્તાર છે, આપ હમને પરામી લો.” આ તરહ મુનાજાતો કીધી, આહોઝારી કીધી, ઈમામુઝઝમાન (અ.સ.) ને યાદ કરી કરીને કેટલાક દિનો તક તેઓ હવેલીમાં પડી રહ્યા.

તે બુઝુર્ગ શખ્સ રાતના અંધારામાં નિસ્ફિલ્લૈલના વક્ત રોઝ નમાઝ વાસ્તે ઉઠતા, ખૂબ તઝર્રો કરતા, આહોઝારી કરીને દોઆઓ માંગતા. એક રાત એમના સાથે દીગર મુમેનીન નિસ્ફિલ્લૈલની નમાઝ પઢી રહ્યા હતા (બકીયાહ પેજ નં. ૧૦ પર)

**ઘરથી બાહર નિકલે તો તે પડદા અને શરમનો લેહાઝ રાખે.**

## નમાઝ

પાઁચમાં ઈમામ મૌલાના જાઅફરૂસ્સાદિક (અ.સ.) ની મદીનતુલ મુનવ્વરહમાં ઘણા પરહેઝગારો મુલાકાત વાસ્તે આવતા હતા. એક દિન એક ઈબાદતગુઝાર શખ્સ આપને નઝદીક આવા અને સલામો તહીયાત બાદ કહ્યું કે, મૌલા! આપની દોઆ અને હિદાયતથી ખુદાતઆલાએ મને તૌફીક આપી છે અને હું આપના બતાવેલા રસ્તા પર ચાલું છું. પણ એક ફિકરની વાત એ છે કે, મારા ફલાઁ દોસ્તના કિરદાર, રફતાર, ગુફતાર અને વહેવારમાં ફરક આવી ગયો છે. તેના ગુનાહ ઝાહિર થઈ ચુકા છે. તેના પડદા ફાશ થઈ ચુકા છે. તે તમામ શરમને મુકી ચુકો છે. હરામ કામોં પર મુરતકિબ છે. **મારા સાથેના તમામ રિશ્તાને તે તોડી ચુકો છે.** શરીઅતની ફરીઝતોંને હકારતની નઝરથી જોઈ છે. હલકી-ઝિલ્લતની નિગાહ રાખે છે. યહાઁ તક કે, તેને ફરઝોની નમાઝ પણ મુકી દીધી છે.

આ સાંભલીને આપ ઈમામ આલી મકામ ચોંકી ઉઠા. આપ તે વક્ત તકીયાને પીઠ દઈને બેસા હતા. ફરઝોની નમાઝને તર્ક કરવાની વાત સાંભલી કે આપ સીધા થઈ ગયા અને ઊંડો સાઁસ લીધો. આપે ફરમાવું કે, “અફસોસ! સદ અફસોસ! ખુદાની પનાહ! શું ફરીઝતની નમાઝ પણ મુકી દીધી છે! આ મુજબ અમલે શર કરવો તો ખુદાના નઝદીક મોટો ગુનાહ છે, હલાકીનો રસ્તો છે અને અંધારીઓની ખાઈ છે. નમાઝમાં જહાઁ તક મસરૂફીયત રહે, મશ્ગૂલીયત રહે, **વહાઁ તક બંદો ગુનાહ-માઅસીયતથી બચતો રહે છે.** જે બંદાને નમાઝ પઢવાની આદતે ખૈર હશે તેના દિલમાં પરવરદિગારે આલમ ખુદાતઆલાની યાદ, ઝિક્ર અને ખૌફ પૈદા થાશે. ખુદાતઆલાનો હર જગા હાઝિર હોવાનો તસવ્વુર અને તેની નારાઝગીનો ખૌફ, ગુનાહોંથી બચવા વાસ્તે કાફી છે.”

અય મુમેનીન! તમામ જાણે છે કે, પહેલામાં પહેલા કબરમાં જે ચીઝની પૂછની કરવામાં આવશે તે નમાઝ વાસ્તે છે. આ હકીકત જાણા બાદ પણ અપને નમાઝને કઈ તરહ તર્ક કરી શકાય! અપના પર લાઝિમ છે, એક મખ્લૂક હોવાના સબબ કે, પૂરા દિનમાં મખ્સૂસ વક્ત પર અપના ખાલિકના અહેસાનાતને યાદ કરીએ. જો આ ફરઝ અદા ના કરી શકા તો ખુદાએ બખ્શેલી નેઅમતો અપને ઈસ્તેમાલ કરવાને લાઈક નથી. **ઈઝઝતદાર બંદો અહેસાનમંદીનો ઈઝહાર કરશે અને ગુનાહગાર બંદો અહેસાનફરામોશીનો શિકાર બનશે.** અપને અહેસાનફરામોશ બંદા હરગિઝ બનવાનું નથી. અપને અપના રોઝમર્રાના કામોમાં-રૂટીનમાં નમાઝ પઢવાને શામિલ કરી દઈએ તો ગફલતની કોઈ ગુંજાઈશ જ બાકી ના રહે. નમાઝથી ફાયદો એ છે કે, અપના શરીઅતના બુનિયાદી અહકામ અને દોઆઓ દિલો દિમાગમાં તાઝા રહે છે અને મસ્જિદમાં આવવાથી શરીઅત-જમાઅતના અખ્બારથી આગાહ અને ખબરદાર રહી શકાય છે.

*પાબંદીએ નમાઝ જો રખતા હૈ હર ઘડી, હક્કદાર હૈ જઝા કા વો હક્ક સે બહોત બડી.* ☆

## ઈલ્તેજા દર દરબારે ઈલાહીયાહ

બદીઓ સમીઓ વદૂદો મુહયમિન, ઈમામો કે હયકલ હમારે હૈ મોહસિન.
બહુત અરસે સે સત્રમેં વો શહા હૈ, જો તૈયેબ કે દિલબર અમીરે જહાઁ હૈ.
નહીં હમકો માઅલૂમ કીતને વલી હૈ, કહાઁ પર વો સારે જલી ઔર ખફી હૈ.
હમેં અબ તો ઉનકી તું સૂરત દીખા દે, કે સાયે મેં ઉનકે હમેં આસરા દે.
સવારી કા જલ્વા અયાં હો ઝમીં મેં, ખુલે હક્ક કા પરચમ વ ગુન્યા ચમન મેં.
તું પ્યારે નબી કા નવાસા દીખા દે, તું બાનુ કા ઝહરા કા પોતા દીખા દે.
કહાઁ હૈ વો માલિકે મિમ્બર અયાઁ કર, અબ રૌશન તું નૂરે ઈમામે ઝમાઁ કર.
પઢે ખુત્બે હરસૂ ઈમામુઝ્ઝમાં કે, ખુલે બખ્ત અબ તિફ્લો પીરો જવાઁ કે.
નબી કે ઘરાને કી શાહી અયાઁ હો, ફિદા હક્ક કી દાઅવત પા સારા જહાઁ હો. ☆

**તહારત, સફાઈ, તરબીયત, ઈબાદત અને ખિદમતથી ઘરને બરાબર સીંચે અને સઁવારે.**

## ઈબરતનાક અહાદીસે બની ઈસરાઈલ - બની ઈસરાઈલની સબકઆમોઝ કહાનીઓ
### કિસ્ત - ૪૩

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, "હું ખૌફ કરૂં છું કે, તમેં હવા-નફસી, મનમાની, ઝિદ, ખુદપસંદી અને લંબી-લંબી ઉમ્મીદોમાં ના ફસાઈ જાવ. આ તો બદતરીન રસ્તો છે. આ રસ્તાની મંઝિલ એવી ખતરનાક છે કે, તમારી અક્લને ગુમ કરી દેશે. મનમાની તમને હક્ક અને સખાવતથી રોકી દેશે. લંબી-લંબી ઉમ્મીદો તમને આખેરતને ભુલાવી દેશે. તમેં યાદ રાખો કે, ખૈર અમલ અને તેની જઝાની ઉમ્મીદ તમારા રબના નઝદીક બહેતર છે. એવી ઉમ્મીદ કે જેનો નતીજો જ ના મિલનાર હોય તે અમલ ઝાયેઅ છે અને તેના વાસ્તેની મહેનત લાહાસિલ છે. **લંબી ઉમ્મીદોના સબબ અમલ કમ્ઝોર બની જાય છે અને તેને અંજામ તક પહોંચાવવામાં ખામીઓ દરપેશ થાય છે.** ઉમ્મીદને "અમલ" કહે છે કે જે "અલિફ" થી શુરૂ થાય છે અને નતીજાને "અજલ" કહે છે કે જે પણ "અલિફ" થી શુરૂ થાય છે.

ખુશ-નસીબ છે તે શખ્સ કે, તેના આઁખના સામે "અજલ" હોય, યાઅની કે, અમલનો નતીજો યા મૌતની સૂરત હોય. આ સાથે તેની પીઠના પાછલ "અમલ" હોય, યાઅની કે, ઉમ્મીદોથી ભરેલી એની દુનિયા હોય. આ બયાનથી સાબિત એ થાય છે કે, "મુમિનના નઝરના સામે મૌત હોય અને તેના પાછલ તેની દુનિયા હોય. **પેશે નઝર મૌત હોય અને પુશ્તે નઝર દુનિયા હોય.** મુમિનને લાઈક છે કે, નિય્યતની બલંદી સાથે અમલની પુખ્તગી સાથે સવાબની ઉમ્મીદ સાથે મૌતને હમેશા હાઝિર-નાઝિર સમઝે." આ જ છે અલવી મુમેનીનનો તરીકો, અકીદો અને રસ્તો.

**કિસ્સો - અમલ " ઉમ્મીદ " થી જ અમલ " કામ " થાય છે, મગર લંબી ઉમ્મીદ તે કામમાં ફસાદ પૈદા કરે છે.**

પાઁચમાં નાતિક અને ઈન્જીલના સાહેબ મૌ. ઈસા રૂહુલ્લાહ (અ.સ.) આપના હવારીયોં સાથે એક ગામથી બીજે ગામ જઈ રહ્યા હતા. આપની નઝર એક ખેડૂત પર પડી કે, તે ખેતી કરવા વાસ્તે પોતાની ઝમીનને બરાબર કરી રહ્યો હતો. મૌ. ઈસાએ ખયાલ કીધો કે, આ ખેડૂત જે તરહ મહેનત કરી રહ્યો છે તો તેના દિલમાં આ ખેતીથી થાનાર માલી ફાયદાની ઉમ્મીદ તો હશે જ. લેહાઝા, આપે બારગાહે ઈલાહીમાં દોઆ ફરમાવી કે, **" અય અલ્લાહ વહદહૂ લા શરીક! આ શખ્સના દિલ માંથી લંબી-લંબી ઉમ્મીદોને નિકાલી દો. "** આપની આ દોઆ ફૌરન કુબૂલ થઈ અને આપે જોયું કે, તે ખેડૂત ખેતરમાં તમામ ઔઝારને છોડીને એક ઝાડના સાયામાં બેસી ગયો. આ જોઈને હવારીયોં હૈરતમાં પડી ગયા. કહેવા લાગા કે, અય નબી! હમણા તો આ ખેડૂત કામ કરતો હતો અને અચાનક તેને શું થયું કે, તે આ તરહ બેસી ગયો! મૌ. ઈસાએ કહ્યું કે, "રૂકો! તમારા સવાલનો જવાબ હમણા તમને મિલી જાશે."

મૌ. ઈસાએ પાછી દોઆ ફરમાવી કે, "અય ખુદાએ રબ્બે જલાલ! આ ખેડૂતના દિલમાં જે તરહ પહેલા ઉમ્મીદ હતી, **તેને પાછી તેના દિલમાં ઝિંદા કરી દે.**" દોઆએ ઈસા પૂરી થઈ કે, તે શખ્સ ઉઠો, હાથમાં ઔઝાર લીધા અને પાછો કામ કરતો થઈ ગયો. મૌ. ઈસા આપના હવારીયોં સાથે તે ખેડૂતના પાસે ગયા અને પૂછ્યું કે, "અય ભલા ભાઈ! તું હમને એ બતાવ કે, તું પહેલા તારા ખેતરમાં કામ કરતો હતો પછી તારૂં કામ છોડીને તું ઝાડના સાયામાં કેમ બેસી ગયો?"

ખેડૂતે જવાબ આપો કે, "અય સાહેબ! જે વક્ત હું કામ કરતો હતો તો અચાનક મારા દિલમાં આ વાત પૈદા થઈ કે, હું આ તરહ મારા ખેતરમાં મહેનત-મશક્કત કરૂં છું અને જો એવું બનું કે, આ ખેતરમાં ફસલ પાકે, મારી ખેતી

(બકીયાહ પેજ નં. ૧૧ પર)

**ઘરની ઝીનત, રાહત અને ઈઝઝત, બૈરો હોય છે.**

# અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૭
## અલવી અકીદાઓ - અકીદો - ૭ અને ૮

**મુકદ્દેમો-પ્રસ્તાવના :**

અસ્લી ઈસ્લામી અકીદાઓમાં પાયાના ફેરફાર થાવાના સબબ અહલે ઈસ્લામ યાઅની મુસલમાનોના દરમિયાન ૭૨ ફિરકાઓ પડી ગયા અને તેઓના અલગ-અલગ અકીદાઓ બની ગયા. આ તૌર-તરીકાથી જે જે નવા-નવા ફિરકાઓ વુજૂદમાં આવા તે હંગામને આજે ૧૪૦૦ સાલનો લંબો અરસો ગુઝરી ચુકો છે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઈન્તેકાલ બાદ જે હાલાત ગુઝરા તેમાં આજે પણ કોઈ જ ફરક જોવા મિલતો નથી. જો આ મુખ્તલિફ ગિરોહોનો શુમાર કરવામાં આવે તો હર ઈસ્લામી મુલ્ક યા તે સિવાય બીજી ઝમીનો કે જેમાં અહલે ઈસ્લામ વસેલા છે, તેઓના અકીદાઓના કિતાબોની એટલી લંબી ફહેરિસ્ત તૈયાર થાય કે, ગિન્તી કરતા કરતા થાકી જવાય પણ ફાસિદ અકીદાઓના આ દલદલ માંથી બાહર નિકલવું દુશ્વાર બની જાય.

બીજી તરફ હમેં એ હકીકતની બયાની કરીએ કે, અપના ફાતેમી-ઈસ્માઈલી-તૈયેબી ઈમામોનો સિલસિલો, અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) ની શહાદત અને ઈન્તેકાલ બાદ આજે પણ અતૂટ છે, બરકરાર છે. આપની આલમમાં યૌમે કેયામત તક બરકત છે. એકના બાદ બીજા ઈમામ આ અઈમ્મતે ફાતેમીયીનના મુબારક સિલસિલામાં થાતા રહ્યા છે અને **આજે પણ ઝમીનની પીઠ ઉપર ઝમાનાના ઈમામ હાઝિર છે**, હાલાંકે આપ સતરમાં છે પણ આપ અલ્લાહતઆલા તરફથી એક જ હુજ્જત છે અને આપ બાકી છે. એક ઈમામ ગુઝરતા નથી પણ એ એની જગા પર એની ઔલાદ માંથી કોઈ એકને એના કાઈમ મકામ મુકર્રર કરી દે છે.

ઈમામનું એની જગા પર એના પછી આવનાર ઈમામ તય કરવું એક ખાસ અકીદાના માતહત થાય છે, જેને નસ્સ કહે છે. ઈમામ જે વક્ત ખુલ્લા તૌરથી લોગોના મજમાઅમાં અલલ એલાન એના બાદ એની જગા પર આવનાર ઈમામને ઝાહિર કરે તો તેને નસ્સે જલી કહેવાય છે. પણ જો દુશ્મનોના ગલબાથી મોઅતબર હુદૂદ દરમિયાન જ એના કાઈમ મકામ પર ઈમામ નસ્સ ફરમાવે છે અને એ આવનાર ઈમામનું નામ મખ્ફી રાખે, તો તે નસ્સને નસ્સે ખફી કહેવાય છે. આ તરહની સુન્નત પર ચાલીને પાક ઈમામોએ દાઅવતના ઊમૂર અને અકીદાઓ સાચવી રાખેલા છે, આજે પણ આ સિલસિલો જારી છે અને હમેં પણ સદીઓથી ચાલતા આવેલા આ અસ્લી અકીદાઓ પર કાઈમ છે.

આ જ એક ઐન સબબ છે કે, ૧૪૦૦ સાલના અરસામાં આ અપના મઝહબે અહલુલ બૈત (અ.સ.) ના અકીદામાં ઝર્રા બરાબર પણ કોઈ તરહનો ફસાદ કે તોડ-જોડ વાકેઅ થયો નથી. એવું હરગિઝ બનું નથી કે, કોઈ એક ઝમાનામાં એક કોઈ ઈમામે કોઈ મુઆમેલામાં કોઈ વાત કહેલી હોય અને બીજા કોઈ વક્તમાં કોઈ બીજા ઈમામે આગલા ઈમામના કૌલ યા અમલની ખિલાફવરઝી કીધી હોય યા આગલા કૌલને રદ કીધો હોય! બેવેના બયાનમાં કોઈ અકીદાનો ફરક કે ફેરફાર દેખાયો હોય! આજે ઈમ્તેહાનના વક્તમાં ઈમામુઝઝમાન (અ.સ.) ના ઈસ્તેતાર-પડદાપોશીને બાવુજૂદ આપના નાઈબ અને દાઈયુઝઝમાન ૪૫ માં દાઈએ મુત્લક સૈયેદના વ મૌલાના અબૂ સઈદિલ ખૈર હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.), આપની ગૈરહાઝિરીમાં હમ મુમેનીનને **આપના બયઅત-મીસાક-અકીદાઓ પર સાબિત-કદમ રાખીને**, હલાલો હરામની બંદિશમાં રાખીને શરીઅતે મુબારકહ મોહંમદીયહ પર ચલાવી રહ્યા છે. નિયાબતના પૂરા ઈખ્તિયાર સાથે દાઅવતે ઈબ્દાઈયહ હાદીયહ મહેદીયહના જિસ્માની-રૂહાની ઊમૂરની આપના હુદૂદની મદદ-નુસ્રતને સાથે બાગદોડ અને લુગામ બાખૂબી સાચવી રહ્યા છે. આપની શાનથી તૈયેબી ઈમામની શાનાતનો ઝુહૂર છે.

(બકીયાહ પેજ નં. ૬ પર)

**ગૈર-ઝરૂરી અને ગૈર-શરઈ મુઆમેલાત, મુલાકાત,ગુફતગૂ, તઅલ્લુકાત અને અવર-જવરથી બૈરો દૂર રહે.**

(પેજ નં. ૫ નું બાકી)

**અકીદો-૭**

## અલ્લાહતઆલા ના માદ્દો છે, ના સૂરત :

કોઈ પણ ચીઝ જે બનેલી હોય તેને માદ્દો-પદાર્થ કહેવાય છે અને તે માદ્દાના સબબ કોઈ કારીગર-ફનકાર કોઈ શિક્લ-ઢાઁચાને વુજૂદમાં લાવે, આકાર બનાવે તેને સૂરત કહેવાય છે. મિસાલના તૌર પર કુરસીમાં લાકડું તે તેનો માદ્દો છે અને કોઈ સુથારે તે લાકડાને વાપરીને કુરસીની શિકલ આપી તે તેની સૂરત છે. માદ્દા બગૈર સૂરત બનતી નથી અને સૂરત ન હોય તો માદ્દાનો મકસદ પૂરો થાતો નથી. અલ્લાહતઆલા વાસ્તે જો એમ કહેવાય કે તે કોઈ સૂરતમાં હોય તો તે એની શાનમાં ગુસ્તાખી કહેવાય, કેમકે એ માદ્દાવાલી સૂરતથી ઘણો જ બલંદ છે. હરએક સૂરતને વુજૂદમાં આવવા વાસ્તે એક તસ્વીરકારની ઝરૂરત પડે છે અને અલ્લાહ તો ખુદ તસ્વીરકારોનો ખાલિક છે કે, **જેએ આ દુનિયાની શિક્લમાં હરએક ઝમીનના ટુકડાને એક બેનમૂન સૂરત આપી દીધી છે.** અલ્લાહની કુદરત એવી છે કે, કોઈ એક સૂરત તેના વુજૂદને ખુદ સાચવી શક્તી નથી, પણ તેને એવી તાકત અને હિફાઝત કરનારની હાજિત પૈશ આવે છે કે, તે સૂરત કાઈમ રહી શકે. જો અલ્લાહતઆલા સૂરત હોય તો તેને બનાવનાર અને કાઈમ રાખનાર કોઈ બીજો ખુદા હોય, જે મુમ્કિન નથી. હર ખૂબસૂરત ચીઝ અલ્લાહની કુદરત તરફ લઈ જાય છે.

અલ્લાહતઆલા માદ્દાની ઝરૂરતથી પણ બેપરવાહ છે, કેમકે જો એ માદ્દો હોય તો તેને વુજૂદમાં લાવનાર કોઈ બીજો ખુદા હોય, જે નામાઅકૂલ દલીલ છે. માદ્દો હોય તો તે ખુદ પોતાની ઝાતથી કઈ કરી શક્તો નથી, તેને બીજી કોઈ તાકતની ઝરૂરત પડે છે કે, જે તેને બરાબર શિકલ આપીને એક બહેતર સૂરતમાં ઢાલી શકે. યાદ રહે કે, કોઈ પણ માદ્દો યા સૂરત પોતાની ઝાતથી હરગિઝ બનતા નથી. પણ બેશુમાર સૂરતો તેના કરતા આઅલા તાકત અને કામિલ કારીગરની મદદ અને સહારાની મોહતાજ હોય છે. કોઈ પણ માદ્દો હોય તો તેમાં તબ્દીલી આવશે, તે ફના થાશે. અલ્લાહતઆલા જે હરએક બનેલી ચીઝ-માદ્દાને ફના કરતો હોય તો તે ખુદ ફના કઈ તરહ થઈ શકે! કોઈ પણ સૂરત બીજી કોઈ સૂરતની મિસાલ પર બનતી હોય છે. અલ્લાહતઆલાની એવી કોઈ સૂરત નથી કે, તેને વુજૂદમાં લાવવા વાસ્તે કોઈ બીજી સૂરતનો નમૂનો લઈ શકાય!

**અકીદો-૮**

## અલ્લાહતઆલા કોઈનો મોહતાજ નથી :

અલ્લાહતઆલા એના બંદાઓથી બેપરવાહ છે, બેનિયાઝ છે. હાજિતરવાઁ છે, મગર હાજિતમંદ નથી. મખ્લૂકની હાજિતો જેમ એની કોઈ હાજિત નથી, તે તમામ તકાઝાથી, તમન્નાઓથી, ખ્વાહિશોથી, મુતાલેબાતથી આઝાદ છે, બરી છે. સબબ એ છે કે, તમામે તમામ મખ્લૂકાતની ઝિંદગીનો આધાર અને મઝબૂતી એનાથી છે, ન કે એ મોહતાજ છે એની પૈદાશુદા ચીઝોથી. માલિકના કબ્ઝામાં મમ્લૂક હોય તે જ મુજબ ખાલિકના કબ્ઝામાં મખ્લૂકાત હોય. ખાલિક એક છે અને મખ્લૂક અનેક છે. મખ્લૂક ખાલિકથી છે, મગર ખાલિક હરગિઝ મખ્લૂકથી નથી.

મખ્લૂકાત-મૌજૂદાતની ફકીરી અને મોહતાજગીની હકીકત એ છે કે , તે પોતાના ખાલિક અલ્લાહતઆલાની અઝીમ કુદરતનો એતેરાફ કરે છે અને **એના તરફથી રહેમત, કરમ અને બહેતરીનો હમેશા તલબગાર રહે છે.** અલ્લાહતઆલા આયતે શરીફહમાં ફરમાવે છે કે, એ ગની છે અને તમામ ફકીર છે. મખ્લૂક કે જેની પૈદાઈશ મોહતાજગી પર છે, તેની સિફત-કૈફીયત એ છે કે, તે તેના પાલનહાર-ખાલિકથી હર વક્ત ખૌફ કરનારી રહે. તેનો

(બકીયાહ પેજ નં. ૭ પર)

**બૈરોની કુરબાની અને જાઁફિદાઈથી જ ઘર તે હકીકી ઘર બને છે.**

## ગુલ્શને ફિકહ – શરીઅતનું હલાલો હરામ
### બીમારીની ઝિક્ર : કિસ્ત-૧

મૌલાના ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) આપના આબાઓ અજદાદ મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) થી રિવાયત બયાન કરે છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) મદીનતુલ મુનવ્વરહમાં અન્સાર માંથી એક મરદની ઈયાદત વાસ્તે પધારા. ઈયાદત યાઅની તબીઅત જોવા જાવી, મિઝાજ-પુરસી કરવી, બીમારનો હાલ જાણવો. તે શખ્સ આપ નબી સાહેબનો દીદાર કરીને ખૂબ ખુશ થયા અને જે વક્ત આપ તેના સિરાહને બેસા તો તે શિકાયત કરવા લાગા કે, **"યા નબીયલ્લાહ! આપ મારા વાસ્તે દોઆ ફરમાવો કે, ખુદાતઆલા મને બુખાર-તાવથી નજાતી બખ્શે."**

તે શખ્સની ઈલ્તેજા સાંભલીને અને શિકવાનો અંદાઝ જોઈને આપની આઁખોં આઁસૂંઓથી ભરાઈ ગઈ. આપે ફરમાવું કે, "ખુદા તમારા ઉપર રહેમત કરજો! અય ભાઈ, બુખાર આવવો-જિસ્મમાં હરારત પૈદા થાવી તે રબ્બે ગફૂર તરફથી એક તરહની તહારત-પાકી છે. કોઈ ચીઝ ગંદી હોય અને તેને સાફ-પાક કરવા જેમ પાનીની ઝરૂરત પડે છે તેમ તાવની ગરમી તમારા જિસ્મની ગંદકીને મિટાવી દે છે." તે બીમાર શખ્સ બોલો કે, આપની આ વાતના સાથે હું એ અરઝ કરવા માંગું છું કે, બુખાર તો જવાન શખ્સને ઝઈફ બનાવી દે છે અને ઝઈફ શખ્સને ડૂચો કરી નાખે છે યહાઁ તક કે, તેનું ઠેકાણું આખિર કબર બની જાય!

આ સાંભલીને આપ નબી સાહેબ ગઝબનાક થઈને ઉઠી ગયા. આપે ફરમાવું કે, **"જે આ શખ્સ હમણા બોલો એ જ મુજબ ખુદા તેના સાથે કરજો."** ઘણી વાર બોલેલા કલામ ખુદ બોલનારના તરફ પલટીને આવે છે. આપ જે વક્ત તે શખ્સના ઘરેથી ચાલા ગયા અને થોડા અય્યામ ગુઝરા કે, તેને બુખાર બેહદ શદીદ થાતો ગયો અને તે જ હાલતમાં તે ગુઝરી ગયો.

આ બયાન હમને એ તરફ નિશાનદેહી કરાવે છે કે, જે વક્ત હમેં બીમાર થઈએ તો પહેલામાં પહેલા હમને સબર કરવો જોઈએ. ખુદાતઆલા તરફથી આવેલી બલા પર રાઝી રહેવું જોઈએ. બીજા સેહતમંદ છે અને હમેં હમારી ઝાતથી બીમાર પડા તેમાં ખુદાની કોઈ હિકમત હોવી જોઈએ અને આ ચીઝ હમારા આઈંદા મુસ્તકબિલ વાસ્તે કોઈ બુશરા કે ભલો પૈગામ લઈને આવશે એમ નૈક ઉમ્મીદ રાખવી જોઈએ. બીમારીના દૌરાન તેમાં શિફા થાત તે વાસ્તે ખુદા અને ખુદાના રસૂલ જે કઈ હિદાયતો ફરમાવે તેનાથી ખુશ અને નસીબયાબ થાવું જોઈએ. જો બીમારીના આવવા પર મરઝીએ ખુદાવંદીમાં કોઈ શક લાવીશું યા એતેરાઝ કરીશું તો આ જ હમારી કમઝરફી અને બદતમીઝી યા હમારા અલ્ફાઝે નારવા, હમને જ આવીને વાગશે. ઘણી વાર હમેં કોઈ બાબત-સર ખુદને હુશિયાર સમઝીએ છીએ અને ઝબાનને છુટથી ચલાવીએ છીએ, પણ એમ કરવું હમારા જ ખિલાફ મોરચો ખોલી શકે છે અને પછી તે તૂફાન અને બલાથી હમેં બચી શક્તા નથી. ✮

---

(પેજ નં. ૬ નું બાકી)

સબબ એ છે કે, તે મખ્લૂકે આ દુનિયામાં જે જે હાસિલ કીધું છે તે શાયદ ફના ના થઈ જાય યા ફૌત ના થઈ જાય. યા એ કે જે ચીઝો-નેઅમતો તેના હાથમાં છે તે તેનો ખાલિક તેનાથી આંચકી ના લે. આ ફિકરો ખયાલથી તે હમેશા પોતાના ખાલિકનો મોહતાજ બનીને રહે છે. જે છે તેને સાચવવામાં યા તેનાથી ઔર ઝિયાદહ હાસિલ કરવામાં યા જે નથી તેને પરામવામાં મખ્લૂક મોહતાજ બની જાય છે. ખાલિક મોહતાજ હોય જ ના શકે, કેમકે એ તો હરએક ચીઝનો માલિક છે કે જેના નઝદીક મોહતાજો દામને પસારીને ઊભા રહે છે. ✮

**ઘરના થાંભલાઓમાં બૈરોના કિરદારનો થાંભલો એવો છે કે, તે હર જહેતથી અલગ અને અહમ દેખાય છે.**

## હાતિમી મીલાદ

૮ મી રબીઉલ અવ્વલના મુબારક દિન અને પહેલી બહાર-રબીઉલ અવ્વલના મુબારક મહીનામાં કે જે મહીના વિલાદતે ખત્મુલ મુરસલીન આખેરૂન્નબીયીન મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) થી મશ્હૂરો માઅરૂફ છે, તેમાં ૪૫ માં દાઈયુલ્લાહિલ અમીન નાઈબો ઈમામિલ મુત્તકીન હાતિમુલ ખૈરાત, રબીઉલ બરકાત, અબૂ સઈદિલ ખૈર સૈયેદના હાતિમ ઝકીયુદ્દીન સાહેબ આકા મૌલા (ત.ઉ.શ.) ની **૬૨ મી મીલાદે મયમૂન** વાકેઅ થાય છે.

આપની મીલાદની ઝિક્રે ખૈર સાથે યહાઁ હમેં તે મીલાદને પણ યાદ કરીએ કે જે **૫૨** સાલ પહેલા ૨૫ મોહર્રમ ૧૩૮૯ હિ./૧૨-૦૪-૧૯૬૯ ઈ. માં હુસૈની ચકલા-મરકઝે હુસૈનીના નઝદીક એક આલીશાન મંડપમાં મનાવવામાં આવી હતી. આ સાલગિરાહ ૪૩ માં દાઈએ પુરનૂર સૈયેદના યૂસુફ નુરૂદ્દીન સાહેબ (આ.કુ.) ની હતી અને ઈત્તેફાકન તે આપ મૌલાની ૬૨ મી સાલગિરાહ હતી. નીચે મઝકૂર જે કલામ પૈશ કરવામાં આવા છે તે હદસાહેબ અહમદઅલીભાઈએ તે મજલિસે મસર્રતમાં પઢા હતા. તેની યાદ તાઝા કરીને હમેં આ શુમારામાં હઝરતે હાતિમીયહમાં પૈશે ખિદમત કરીએ છીએ.

જનાબે હઝરતે સૈયેદના ઝિયાઉદ્દીન (બદરૂદ્દીન) કે લાઅલ,
યે સાલે નૌ બ-અદબ કર રહા હે ઈસ્તિકબાલ,
મુબારક આપકો બાંસઠવી હો યે સાલગિરાહ,
દરાઝ ઉમ્ર, તરક્કીએ ઈલ્મ, ફઝલો કમાલ.

--------

મહેફિલ મેં તુમ્હારે હોને સે હર ચીઝ પે નૂર આ જાતા હે,
જિસ તરહ કે ફૂલ કે ખિલને સે ગુલ્શન પે નિખાર આ જાતા હે,
દાઈ સે અકીદત ઔર ઉલ્ફત, અનમોલ જવાહિર હે "અલવી",
હાથ આએ અગર યે દૌલત તો, જીને કા કરાર, આ જાતા હે.

--------

દાઅવત કે આસમાં કે તુમ હો કમર નિરાલે,
તકદીર ઈનકે દામન સે, અય બશર બનાલે,
તૂલે બકા હો શેહ કી, જબ તક ખુદાઈ કાઈમ,
અલ્લાહ તુઝકો રખ્ખે, શામો સહર સંભાલે. ✫

## કસીદહ મુનીરહ

અલ્લાહ સે ઉલ્ફત રખતેં હૈં, કુરઆન સે નિસ્બત રખતેં હૈં, મુમિન હે જો અપને સીનો મેં, ઈમાં કી હરારત રખતેં હૈં.
પોશીદા હે દિલ મેં હુબ્બે નબી, પિન્હાઁ હે દિલ મેં હુબ્બે અલી, ઈસ દિલ કે ખઝાને મેં અપને ફિરદૌસ કી કીમત રખતેં હૈં.
યે જશ્ન હે, જશ્ને સાલગિરહ સૈયેદના ઝકીયુદ્દીં મૌલા, જો શાને શરાફત, ખુલ્કો અતા, માઅસૂમ તબીઅત રખતેં હૈં.
કિતના હે મુબારક આજ કા દિન, આતા હે નઝર ખુશ હર મુમિન, બાંસઠવે બરસ મેં પહેલા કદમ, કિસ શાન સે હઝરત રખતેં હૈં.
કૌસર કે વો હક્કદારોં મેં હે, જો ઈન કે તરફદારોં મેં હે, જન્નત ભી અતા હોગી ઈન કો, જો ઈન સે મોહબ્બત રખતેં હૈં.
રૂત્બા ઈનકા વો પહેચાને, ક્યા શાન હે ઈનકી વો જાને, આઁખોં મેં બસીરત ઔર ઈનસે પાકીઝા અકીદત રખતેં હૈં.
અય કાશ! ઉન્હેં અકલ આ જાયે, ફિરતેં હૈં જો નાદાઁ ઈતરા કર, બુગ્ઝ આલે પયમ્બર સે રખકર, ઉમ્મીદે શફાઅત રખતેં હૈં.
કિસ બાત કા ઉનસે કીજે ગિલા, ક્યા કેહકે કોઈ સમઝાએ ભલા, ગૈરોં સે જો ઉલ્ફત રખતેં હૈં, અપનોં સે અદાવત રખતેં હૈં.
આતી હે હસીં ઉન લોગોં પર, હંસતેં હૈં જો અહલે ઈમાઁ પર, ખુદ ગાફિલ દીન કે કામોં સે, ઔર ખ્વાહિશે જન્નત રખતેં હૈં. ✫

**બૈરો ઝિયાદહ વક્ત તક ઘરમાં કોઈ પણ તરહની ગંદી ચીઝ રહેવા ના દે.**

## તસ્બીહે મુજર્રબ – " વકફા "

મોહર્રમુલ હરામ ૧૪૪૧ હિ. ના અશરહ મુબારકહ પૂરી હુસૈની શાનાત અને માતમી ફેયૂઝાતના સાથે ગુઝરા. હુઝૂરેઆલી સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ના બયાનાતે હાતિમીયહ મુમેનીન હુસૈનીયીનના ઈમાનમાં એક જદીદ બહાર લાવા અને ગુનાહોંની નાપાકીની ખિઝાને દૂર કીધી. યૌમે આશૂરાની મજલિસ, મજલિસે મગફેરત બની ગઈ જેના દરમિયાનથી રાહે નજાત રૂનુમા થઈ. મજલિસમાં આપ મૌલાએ એક આઅલા તસ્બીહનો હદીયો મુમેનીનની હાજિતરવાઈ અને મુશ્કિલકુશાઈ વાસ્તે પૈશ કીધો. આ હદીયો મુનીરહ કુરઆની આયતોનો છે. આ આયતોને કિફાયતની આયતો કહે છે કે, **જેની શુરૂઆત "વકફા" થી થાય છે.** એવી આયતો કુલ ૨૭ છે. પણ આ તસ્બીહે મુજર્રબમાં ફક્ત ૭ આયતોને જ શામિલ કરવામાં આવી છે કે, જેના રૂહાની-નફસાની ફાયદાઓના બયાનો દાઅવતે શરીફહના કિતાબોમાં દરજ થયેલા છે.

આ તસ્બીહની ફઝીલતો વાસ્તે આકા મૌલા આપના બયાનમાં ફરમાવે છે કે,

(૧) રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "જે કોઈ શખ્સ "**વકફા**" ની આ ૭ આયતો પૂરી નિય્યત અને એતેકાદથી પઢશે, યાઅની **ત્રણ વક્ત મુકમ્મલ તેની વિર્દ કરશે** તો હું તેના ખ્વાબમાં આવીશ અને બશારતો સંભલાવીશ."

(૨) પછી આપે ફરમાવું કે, અગર કોઈ શખ્સ **૭૦ વાર આ તસ્બીહ પઢશે** તો અલ્લાહતઆલા તેને તમામ બલા-આફત-ગમથી કિફાયત કરી આપશે, તેને મુબર્રાઅ અને આઝાદ કરી દેશે.

(૩) ત્રીજી ફઝીલત વાસ્તે આપ મૌલા ફરમાવે છે કે, જો કોઈ મુમિન બંદો **ફરઝની નમાઝ બાદ ૭૦ વક્ત** આ તસ્બીહે ખુસૂસી પઢશે તો રબ્બુલ ઈઝ્ઝત તેની કશીદગીને, તંગદસ્તીને, ગિરાનીને, રોઝીની તંગાસને, દૌલતની પસ્તીને દૂર કરશે. રોઝીના દરવાઝા ખોલીને રિઝકે હલાલના રસ્તા અને ઝરીઆ મોહય્યા કરશે.

(૪) ચોથી ફઝીલત વાસ્તે આકા મૌલા ફરમાવે છે કે, ફરઝની નમાઝની કુલ રકઅતો ૧૭ છે. આ **૧૭ ની ગિન્તી મુજબ જે કોઈ તસ્બીહે વકફા પઢશે** તો અલ્લાહતઆલા તેના સરકારી-દરબારી મુશ્કિલમાં મુશ્કિલ કામ આસાન કરી આપશે અને જે ઓફિસમાં યા ઓફિસરને મિલવાનું થાશે તે લોગો તસ્બીહ પઢનારને ઈઝ્ઝતો એહતેરામની નઝરથી જોશે અને તેને હર તરહની ઈમ્દાદ કરશે.

(૫) અગર કોઈના દિલમાં હોય કે, ફલાઁ-ફલાઁ શખ્સ તેના સાથે દુશ્મની કરે છે, વેર રમે છે અને નાહક્ક પરેશાન કરે છે અને જો તે શખ્સ **૭ વાર આ તસ્બીહ પઢશે** અને ચાહશે કે દુશ્મની ખત્મ થાય તો અલ્લાહતઆલા તેની દિલી ઉમ્મીદને પૂરી કરશે અને જે તેને સતાવી રહ્યો હશે તેના દિલમાં મોહબ્બત અને હમદર્દી નાખશે.

(૬) જે ઘરમાં કોઈ મરીઝ હોય, બીમાર હોય, હોસ્પીટલમાં હોય, ઈલાજ કીધા બાવુજૂદ શિફા હાસિલ થાતી ના હોય, તો તેના ઘરવાલા તે મરીઝના સરના નઝદીક બેસીને પાની પર **૭ વાર આ તસ્બીહ પઢીને તેના ઉપર ફૂક મારે,** મરીઝના ચહેરા પર તેનું પાની મલે, તે ગ્લાસ માંથી મરીઝને પિરાવે. જો આ મુજબ અમલ મુસલસિલ કરશે તો અલ્લાહતઆલા આ તસ્બીહની બરકતથી મરીઝને શિફા અતા ફરમાવશે.

(બકીયાહ પેજ નં. ૧૧ પર)

**બૈરોને જોઈએ કે ઘરમાં કમ-અઝ-કમ એક વાર અઝાન આવવી જોઈએ.**

(પેજ નં. ૨ નું બાકી)

તે વક્ત હવેલીના છાપરા પરથી તે બુઝુર્ગના ખોલામાં એક કાગઝનો નાનો ટુકડો પડો કે જેમાં કઈ લખેલું હતું. તે જ વક્ત બુઝુર્ગે કાગઝ ખોલીને વાંચો. તેમાં એક હિદાયત હતી કે, "અય મારા ભાઈઓ! તમેં આજની રાત તમારા વાહનમાં જે તમેં કિનારા પર છોડીને આવા છો તેમાં જઈને સુઈ જાજો. તમારા માંથી કોઈ પણ આ હવેલીમાં ના રહે અને તમારો સઘલો સામાન તમેં સાથે લઈને જાજો."

આ પૈગામે ગાએબાના સાંભલી સઘલા ગિરફ્તારે ફિકર થઈ ગયા. આ કોને કાગઝ લખેલો છે? કહાઁથી યહાઁ આવો? તેના પાછલ મક્સદ શું હશે? આ તમામ સવાલો તેઓના દિલમાં ઉઠવા લાગા! કહ્યું કે, કિનારા ઉપર અપનું વાહન તો ખસ્તા ખરાબ છે, બુરી હાલતમાં પડેલું છે. અપને કઈ તરહ તેના ઉપર રાત ગુઝારીશું? આખિરમાં તે બુઝુર્ગ બોલા કે, "હવે તમેં તમારી ઝબાનને બંધ કરી દો! આ અમર અલ્લાહના વલી તરફથી છે. આ પૈગામે ગાએબાના પાછલ કોઈ મોટી હિકમત છે." બુઝુર્ગની હુજ્જત સાંભલીને સઘલાના દિલથી શક દૂર થયો અને ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની જે નઝર માની હતી તેનો આ નતીજો અને કરિશ્મો હશે તે વાત પર મુત્તફિક થયા. બારગાહે હક્કમાં શુક્રનો સજદો અદા કરીને કહેવા લાગા કે, **"ખૈર! જે થાનાર હશે તે ઝરૂર થાશે જ. મગર ગૈબથી જે આ કાગઝ આવો છે તેના મુજબ અમલ કરવો લાઝિમી છે. તેમાં કોઈ મોટો ભેદ છે."**

પછી, સાંજે મગરિબ થાય તે પહેલા સઘલા તૂટેલા હોલકામાં સવાર થઈ ગયા. મગરિબની નમાઝ અદા કીધી અને જે કઈ પણ સાથે બચેલું તે જમીને સુતા. હવા ઝોર પર હતી, બેહદ અંધારૂં હતું અને પાનીના આવાઝમાં બીજા તમામ આવાઝો ગરક થઈ ગયા હતા. હોલકાના કપ્તાન અને તેના મદદગારો તમામ પરૈશાન છે કે, કિનારા પરથી વાહન આહિસ્તા આહિસ્તા દરિયાના પાનીમાં ચાલી રહ્યું છે અને કોઈને કઈ અંદાઝો નથી થાતો કે, વાહન કઈ તરફ જઈ રહ્યું છે. ફિકર કરતા કરતા મુસાફિરો થાકી ગયા અને તેઓ પર નિંદ તારી થઈ ગઈ. ચાલતા વાહનમાં તમામની હરકતો બંધ થઈ ગઈ.

આ જ આલમમાં બલાની રાત ખતમ થઈ અને ખુશખબરીની સુબ્હે સાદિક થઈ. ફજરમાં સઘલા ઉઠા. વાહન રૂકેલું હતું. સુમસામ કિનારો હતો. એક લમ્હો પણ ઝાયેઅ કીધા બગૈર બુઝુર્ગે કહ્યું કે, "અલ્લાહ અને અલ્લાહના વલીનો આ મોઅજિઝો છે. ચલો! ઉતરો! યહાઁ કિનારા પર જ વુઝૂ કરીને સઘલા ફજરની નમાઝ પઢી લઈએ! નમાઝ અદા થઈ નથી કે, એક શખ્સ તેના ગુલામોને લઈને આવા. સાથે પાની અને જમન હતું. તે પુકારા, "અય હુજ્જાજ! અય મોહિબ્બાને ઈમામે હક્ક! આપ સઘલાનું આ વલીઓની ઝમીન ખંભાતમાં ઈસ્તિકબાલ છે." આમ કહીને તે ચાલા ગયા. સઘલાએ નિદા સાંભલી, આસપાસ જોયું મગર તે શખ્સ નઝર ના આવા.

તેઓ પર અલ્લાહતઆલાની આ તરહ ઈનાયત જોઈ સઘલાના હાથ આસ્માન તરફ દોઆ વાસ્તે બલંદ થયા. ચહેરાઓ પર ખુશીના આસાર નમૂદાર થયા. **ઝિંદગાનીના નૂરથી સઘલા રોશન-રોશન થઈ ગયા.** સઘલાને યકીન થઈ ગયું કે, "અપને તે હવેલીમાં મકામના સાહેબ ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની નઝર માની હતી અને આપ મૌલા તરફ ખિતાબ કરીને દોઆ કીધી હતી તે સાહેબે અપને બચાવા છે અને અપનો બેડો પાર લગાવો છે. બેશક! આ આલે હુસૈન ઈમામુઝ્ઝમાન (અ.સ.) નો મોઅજિઝો છે, આ મિસિલ આ જ સાહેબે ઈમામત, કિશ્તીએ નજાતના માલિક, નૂરે શફાઅતના ચિરાગ, ગૈબી તરીકાથી દાઅવતના ફરઝંદોને બચાવે છે અને તેમની પુરખુલૂસ દોઆનો જવાબ દે છે."

તે બાદ સઘલા ખંભાતથી અહમદાબાદ આવા અને દાઈયુઝ્ઝમાન સૈ. યૂસુફ નજમુદ્દીન સાહેબની હઝરતે

(બકીયાહ પેજ નં. ૧૧ પર)

**બૈરો પોતાના ઘર સિવાય બીજાના ઘરના ઊમૂરમાં દખલગીરી કરવામાં પરહૈઝ કરે.**

(પેજ નં. ૯ નું બાકી)

## તસ્બીહે વકફા

બિસ્મિલ્લાહ હિર્રહમા નિર્રહીમ

**વકફા બિલ્લાહે વલીયા, વકફા બિલ્લાહે નસીરા, વકફા બિલ્લાહે હસીબા, વકફા બિલ્લાહે વકીલા, વકફા બેરબ્બેકા હાદેયંવ વ નસીરા, વકફા બેરબ્બેકા બેઝોનૂબે ઈબાદેહી ખબીરમ બસીરા, વકફલ્લાહુલ મુમેનીનલ કેતાલા વકાનલ્લાહો કવીયન અઝીઝા.**

### આ તસ્બીહની માઅના

અને અલ્લાહ કાફી હિમાયત કરનાર છે, અને અલ્લાહ કાફી મદદ કરનાર છે, અને અલ્લાહ કાફી હિસાબ લેનાર છે, અને અલ્લાહ કાફી યારી દેનાર છે, અને તમારો રબ્બ કાફી હિદાયત દેનાર અને ઈમ્દાદ કરનાર છે, અને તમારો રબ્બ એના બંદાઓના ગુનાહોથી કાફી ખબરદાર છે જોનાર છે, અને અલ્લાહએ મુમેનીનને જંગ કરવાથી કિફાયત કરી આપું અને અલ્લાહ કૂવતવાલો ઈઝઝતવાલો છે. ✯

---

(પેજ નં. ૧૦ નું બાકી)

આલીયહમાં કદમબોસ થાવાની અરઝ કીધી. મુમેનીને જે વક્ત આપ મૌલાની મુલાકાત કીધી તો જાણે ઈમામુઝઝમાન (અ.સ.) ના ચહેરા મુબારકના દીદાર કીધા હોય, સઘલાની આઁખોં ખુશી અને નવાઝિશના આઁસૂઓથી ભરાઈ ગઈ. તમામ આપ મૌલાના કદમ પર પડી ગયા. આપે તેઓ સાથે દરિયા અને હવેલીમાં શું બનું હતું અને ઈમામે હક્કની નઝર કેમ માની હતી, તે પૂરી દાસ્તાન કહી સંભલાવી. આપ મૌલાએ ફરમાવું કે, “મને ખબર છે કે, તમારી સાથે શું વાકેઓ બનેલો છે. હકીકતમાં મારા પર અને તમારા પર ઈમામે હક્કનો સાયો છે.”

આપ મૌલાએ મઝીદ ફરમાવું કે, “તમેં જે જે નઝર માની હતી તેને અદા કરવી તમારા ઉપર ફરઝ છે. હમારા મૌલાનો આ એઅજાઝ છે કે, આપ મુખ્લેસીન મુમેનીનને ગૈબથી દુનિયાની આફતોથી બચાવી લે છે. અજબ આ દીનના સુલ્તાનની શાન છે કે જેને અક્લો ફહેમ પરામવાથી હૈરાન છે.” તે બાદ તમામે એક બાદ બીજા આપ મૌલાની હઝરતમાં નઝરૂલ મકામ અરઝ કીધા અને આપની દોઆએ ખૈરના તલબગાર થયા. ✯

---

(પેજ નં. ૪ નું બાકી)

કામિયાબ થાય મગર તે પહેલા જ મને મૌત આવી જાય તો હું આટલી બધી મારી મહેનતથી કોઈ જ ફાયદો ના લઈ શકું! આ વિચારના સબબ **હું તમામ કામ છોડીને એક જગા પર બેસી ગયો.**”

“થોડા વક્ત પછી મને એમ ખયાલ આવો કે, આ ખયાલ કઈ બરાબર નથી, મૌત તો આજે નહીં તો કાલે આવવાની જ છે. તેના ઈન્તેઝારમાં કઈ ખૈરની ઉમ્મીદ ના છોડી દેવાય! મેં મારી ઝાતને કહ્યું કે, ઉઠ ઉઠ! કામ કર! અલ્લાહના ફઝલો કરમને તલબ કરવા પર તારા હાથ-પગને ચલાવ! જો તું મહેનત નહીં કરે, અનાજ નહીં ઉગાવે અને તારી ઉંમર લંભી થઈ તો શાયદ એવો વક્ત પણ આવશે કે, **તુંને બીજાના દર પર મોહતાજ થાવું પડે.** ભીખ માંગવી પડે. આ ખયાલથી હું પાછો ઉઠો અને કામ પર લાગી ગયો.”

મૌ. ઈસાએ હવારીયોંને નસીહત ફરમાવી કે, “શું તમેં આ ખેડૂતના કામ, ઉમ્મીદ અને નિય્યતથી વાકિફ થયા. ઝરૂર! ઉમ્મીદને છોડવાથી કામ પણ છુટી જાય છે. ઉમ્મીદની બુનિયાદ પર, કામની ઈમારત ટકી શકે છે. ઉમ્મીદના બગૈર કામ બોઝ લાગે છે. આ સાથે લંબી-લંબી ઉમ્મીદો કામના નતીજાને ફીકો કરી દે છે અને તે વાસ્તે મહેનત નાકામ થઈ જાય છે.” રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **“બંદએ ખુદા જો કોઈ ઉમ્મીદ રાખે તો પોતાના રબથી રાખે અને તે ખૌફઝદા થાય તો પોતાના ગુનાહોંથી ખૌફઝદા થાય.”** ✯

**બૈરો પોતાની ઔલાદ માંથી તમામ પર શફકતની નઝર રાખે.**

## હોતા નહીં

જિસકો ઈશ્કે ગુલ્શને ખૈરૂલ બશર હોતા નહીં,
ગુલ્શને ફિરદૌસ તક ઉસકા ગુઝર હોતા નહીં.
બંદએ ખૈરૂલ બશર ગર હે તો શર સે દૂર રેહ,
ખૈર હોતી હે જહાઁ, વહાઁ દખ્લે શર હોતા નહીં.
આઝિમે મુલ્કે અદમ ગર હે તો કર આઅમાલ નૈક,
જુઝ અમલ ઈસ રાહ મેં ઝાદે સફર હોતા નહીં.
યૂઁ હસદ કી આગ હે હસ્સાદ કે દિલ મેં નિહાઁ,
સંગ સે જિસ તરહ સે ઝાહિર શરર હોતા નહીં.
આતિશે પિન્હાઁ જો પત્થર મેં હે વો ક્યૂં કર બુઝે,
લાખ મન પાની ગિરે ઉસ પર અસર હોતા નહીં.
ગર ચે હે ઈન્સાન વો લેકિન વો હયવાઁ સે હે દૂન,
જિનકો તમ્યીઝો ખયાલે ખૈરો શર હોતા નહીં.
ફાયદા ક્યા બે-નસીહત કો નસીહત સે ભલા,
આબ કા ચિકને ઘડે પર કુછ અસર હોતા નહીં.
ખૈર કે આગે કભી સર શર ઉઠાએ ક્યા મજાલ,
પાસ હોતા હે જો સંદલ દર્દે સર હોતા નહીં.
જાતા હે મુલ્કે અદમ કો યહાઁ સે તન્હા હર બશર,
કહેતેં હૈં ઈસ રાહ મેં ખૌફો ખતર હોતા નહીં.
કહેતે થે કાફિર રસૂલુલ્લાહ કો સાહિર તો ક્યા,
નૈક કો બદ કી બદી સે કુછ ઝરર હોતા નહીં.
કિસ તરહ પીરી મેં હાસિલ હો ભલા લુત્ફે શબાબ,
જલ્વાગર નૂરે કમર વક્તે સહર હોતા નહીં.
શેહને અકબર સે કહા દૂઁ તુમ કો મરને કી રઝા,
મુઝ સે યે હરગિઝ મેરે નૂરે નઝર હોતા નહીં.
હિજ્ર મેં ગુઝરેગી જો કુછ મુઝ પે ક્યા જાનો ઉસે,
દર્દે દિલ સે બાપ કે વાકિફ પિસર હોતા નહીં.
વાહ રે હમલા કરતેં લાખોં પર ન ક્યૂં તન્હા હુસૈન,
ખૌફનાક આઅદા સે હયદર કા પિસર હોતા નહીં.
લાખોં હો ગર સામને લેકિન અકેલા હો અસદ,
શૈર સા કોઈ જહાઁ મેં પુરજિગર હોતા નહીં.

**મુશ્કિલ અલ્ફાઝ :**

ગુલ્શન - બાગ
ખૈરૂલ બશર - રસૂલુલ્લાહ (સ.અ.વ.વ) અને મૌ. અલી (અ.સ.)
શર - બદ અમલ
દખ્લ - અંદર હોવું
શરર - શરારત, બદી, ચિંગારી
આઝિમ - ઈરાદો કરનાર
અદમ - મૌત બાદ ફના થાવું
હસ્સાદ - અદેખાઈ કરનાર
નિહાઁ - છુપેલું
સંગ - પત્થર
તમ્યીઝ - તમીઝ
સંદલ - સુખડ
સાહિર - જાદુગર
ઝરર - નુકસાન
સહર - સવાર
જલ્વાગર - ખુલ્લા તૌરથી
હિજ્ર - જુદાઈ
આઅદા - દુશ્મનો
અસદ - શૈર
પુરજિગર - બહાદુર
જાઁબલબ - જાન હોંઠ પર આવવી
બદ-ગોહર - બદકાર ☆

## કતઆત

બયઅતે ઝુલ્મએ ઈન્કાર વો સૂખે હુએ લબ,
ચશ્મે કૌનૈનને દેખા નહીં એસા પ્યાસા.
ઝરબે મઝલૂમને યૂઁ તોડ દિયા જામે ગુરૂર,
રેહ ગયા ઝુલ્મે યઝીદી કા ઈરાદા પ્યાસા.
મૌજ દર મૌજ બડી ફૌજે યઝીદી લેકિન,
એક તૂફાન કો રોકે રહા તન્હા પ્યાસા.
પિસરે સાકીએ કૌસરને વો કર દી હે સબીલ,
અબ ન દુનિયા મેં રહેગા કોઈ પ્યાસા પ્યાસા. ☆

**કોઈ પણ હુનર બૈરો રાખતા હોય તો તેને બરાબર ખિલાવે, અપનાવે અને આગલ વધારે.**

## કઈ તરહ દોઆ ?

દોઆ, મુમિનના ઈમાનની રાહની એક અહમ મંઝિલ છે. આ મંઝિલ પર જાવા સિવાય કોઈ છુટકો નથી. તેના સિવાય ઈમાનની રાહગુઝારી મુશ્કિલ છે. એમ કહી શકાય કે, ઈમાનના ચહેરાની આઁખ તે દોઆ છે. જો આઁખ ના હોય, તો ચહેરાનો વકાર રહેતો નથી, તેમ દોઆથી જ તો મુમિનનો વકાર છે. હર નબીને, વલીને અને દાઈને પોતાના મુમેનીન વાસ્તે દોઆ ગુઝારી અને બતાવું કે, ખુદાતઆલાને કેટલું પસંદ છે કે, બંદો તેની બારગાહમાં દોઆ ગુઝારે. દોઆના ઝરીઆથી જ તો બંદો પોતાના રબ સાથે ગુફતગૂ કરી શકે છે.

હરએક પૈદાશુદા ચીઝના મકસદે તખ્લીકમાં એક તરીકો છે, એલ અદબ છે, એક કુદરત છે, એક આદત છે અને એક અંજામ છે. દોઆનું માંગવું અને તેને ઈન્સાની અલ્ફાઝમાં અદા કરવું કે, જે અલ્ફાઝ કુરઆને કરીમ યા તો કલામે નબવીથી વાબિસ્તા હોય, **તેમાં પણ વસીલો છે, બારીકી છે, અદબ છે, વક્ત છે, ઝમાનો છે અને જગા છે.** આ તમામ ચીઝોનો બહેતર લિબાસ જો દોઆ પર ચઢેલો હોય, તો પછી દોઆ રદ થાવાનો સવાલ જ ઊભો થાતો નથી! દોઆ માંગવું ખૂબ જ આસાન છે પણ જો પૂરી અદબનો ખયાલ રાખીને તેને અદા કરવામાં આવે તો તેને ચાર ચાંદ લાગી શકે છે. અપના અઈમ્મતે ફાતેમીયીને અને દોઆતે અમ્જેદીને (સ.અ.) અપના વાસ્તે દિન-રાતમાં એવી એવી મુમ્તાઝ અને બેનઝીર દોઆઓ તરતીબ ફરમાવી છે કે, જો તેને ઈલ્હાન અને જઝબા સાથે પઢી લેવામાં આવે તો પછી બીજી કોઈ દોઆની ઝરૂરત નહીં પડે.

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ના નઝદીક એક શખ્સ હાઝિર થયો અને દોઆ કરવા લાગો કે,“ અય ખુદા! તું મને તારી મખ્લૂકનો મોહતાજ હરગિઝ ના કરીશ.” આપ મૌલા તેના પર ગઝબનાક થઈ ગયા. આપે ફરમાવું કે, ખબરદાર! આના પછી કોઈ વાર તું આ મુજબ દોઆ ના કરીશ. તે શખ્સે મુઆફી માંગી અને કહ્યું કે, અય મારા મૌલા! શું મારાથી કોઈ ગલતી થઈ ગઈ? આપે જવાબમાં કહ્યું કે, “અય મારા ભાઈ! ખુદાતઆલાની મખ્લૂકમાં ખૈર પણ છે અને શર પણ છે. શર તુંને કંઈ કામનું નથી અને જે ખૈર છે તે કોઈ વક્ત તુંને નુકસાન કરશે નહીં. તો તું એમ હવેથી કહેજે કે, **અય ખુદા! તું મને તારી બદ-મખ્લૂકનો મોહતાજ ના કરજે.**” કેમકે, આ વાત તું તારા ઝહેનમાં બિલકુલ સાફ કરી દે કે, ખુદાતઆલા સિવાય કોઈ પણ મખ્લૂકથી બેનિયાઝ નથી, બેપરવાહ નથી, નામોહતાજ નથી. ખુદાતઆલાએ ઈન્સાનની પૈદાઈશ જ એ તરહ કીધેલી છે કે, તે પોતાને મખ્લૂકાતે ખુદાથી અલગ કરી શક્તો નથી. હમેશા તે એક યા બીજા સબબ સર મખ્લૂકથી હાજિતમંદ અને નિયાઝમંદ રહે જ છે.

આ જ મુજબ બીજો એક વાકેઓ પણ છે. આપ મૌલા ઈમામતની નમાઝ પઢાવીને બેસા હતા. આપના શીઆઓ માંથી એક શખ્સએ દોઆ પઢવાની શુરૂ કીધી. તેમાં તે એમ બોલો કે, “અય મારા રબ! તું મને ફિત્નાથી બચાવજે”, તો આપે તેને રોકી લીધો. નઝદીક બોલાવીને કહ્યું કે, “અય ભાઈ! આઈંદા તું આ તરહ દોઆ ના પઢજે. ખુદાતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, “**ઝરૂર! તમારા વાસ્તે તમારો માલ અને તમારી ઔલાદ ફિત્ના છે, આઝમાઈશ છે, ઝરીયએ ઈમ્તહાન છે.**” હવે તું જ મને બતાવ કે, આ દુનિયામાં એવો કોઈ શખ્સ હશે કે જેને માલ-ઔલાદની તમન્ના નહીં હોય. તેએ જવાબમાં કહ્યું કે, “અય મૌલા! ભુલ થઈ ગઈ. આ આયત તો મારા ખયાલથી જ ઉતરી ગઈ હતી.” આપે પછી તેને હિદાયત દીધી કે, “**હવેથી તું એમ દોઆ કરજે કે, અય મારા રબ! તું મને ગુમરાહ કરવાવાલા ફિત્નાથી બચાવજે, જો તું આમ કહીશ તો દુનિયામાં તું હર શરથી મહેફૂઝ રહીશ.**” ✯

### ચિરાગ બગૈર

તલાશ કરતે હૈં ખુશ્બૂ ગુલોં કે બાગ બગૈર, સમઝને બૈઠે હૈં કુરઆન કો દિમાગ બગૈર,
બગૈર ઈશ્કે અલી ઔર તિલાવતે કુરઆઁ, કિતાબ કૈસે પઢી જાએગી ચિરાગ બગૈર.

**કસબે હલાલ કરવું જેમ મરદો વાસ્તે છે તેમ બૈરો વાસ્તે પણ છે, મગર તે અદબના લિબાસમાં હોય.**

## લફ્ઝી કશ-મ-કશ

**✵ ઉભી તરકીબ :**

૧) અપના અકીદા મુજબ કોઈ પણ તારીખ હોય, તે વાસ્તે પહેલા ______ હોય છે પછી તે તારીખનો દિન આવે છે. (૨)

૨) અલ્લાહતઆલાની ઝાતે મુકદ્દસ ના નવી છે, ના જૂની છે પણ એ તો હમેશા હમેશા છે. જૂની ચીઝને અરબીમાં શું કહે છે? (૩)

૩) આ દુનિયાના લોગોની હિદાયત વાસ્તે જે સાહેબ પૈગામ લઈને પધારા તેને ______ કહેવાય છે. (૩)

૭) ઘરમાં આટલો મોટો શરમનાક હાદેસો બનો, પણ જો, તેને કંઈ______ કે શરમ છે! (૨)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | ╳ | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**✵ આડી તરકીબ :**

૨) મૌત બાદ આખેરતની પહેલામાં પહેલી મંઝિલ ______ છે. (૩)

૪) સૈ. અલી શહીદે આઅઝમ (આ.કુ.) ની તખ્તનશીની ને ૪ ______ઓ ગુઝરી ચુકી છે. (૨)

૫) મૌ. ઈસા રૂહુલ્લાહ (અ.સ.) ના તો કત્લ કરવામાં આવા છે, ના તો ______ દેવામાં આવા છે. (૨)

૬) દિલમાં ______ હશે તો તે ઝરૂર ચહેરા પર ઝાહિર થઈ જાશે. (૩)

**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | ખો | | |
| | સ | ફ | ર | |
| શા | ફી | ╳ | સ | ગા |
| | ના | ખૂ | ન | |
| | | ની | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર રબીઉલ આખર મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે. ✩


## તિજારત

યા અલી મદદ

" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

**ભાઈસાહેબ ઈબ્રાહીમ**

**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.

**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**

**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩** ✩

**ફેન્સી અને મેચીંગ દુપટ્ટા સેન્ટર**

**" ઝૈબાઈશ "**

બી-૧૨, ગાયકવાડ પ્લાઝા, અલ્માસ માર્કેટ સામે, પાણીગેટ, વડોદરા.

**નઝીરઅલી ભાઇસાહેબ - મો.: ૯૯૭૪૧૫૭૫૬૬** ✩

## તિજારત

**હજારીવાલા** **અબ્બાસઅલી - ૯૭૧૪૪૩૦૩૧૪**

**R.T.O. ને લગતા દરેક કામ કરી આપવામાં આવશે તથા પાનકાર્ડ કાઢી આપવામાં આવશે.**

શ્રી અંબે વિદ્યાયલ પાસે, સનમીલન ફ્લેટ સામે, વાઘોડીયા ચોકડી, વાઘોડીયા રોડ, વડોદરા. ✩


**હોતી હે જિસકો મોહબ્બત અલી કી,**
**રહેતી હે ઉન પર ઈનાયત અલી કી,**
**દીનો દુનિયા મેં હુવા વો કામિયાબ,**
**મીલ ગઈ જિસકો હિમાયત અલી કી.**

**નથી ચિંતા ભલે ચારે તરફ ગમનો પથારો છે,**
**ઝરા પણ ગમ નથી જો દૂર નૌકાથી કિનારો છે,**
**અલીના નામનું મુમિન પર એવું આશ્વાસન છે,**
**ભલે મુશ્કિલ છે પણ મુશ્કિલકુશાનો તો સહારો છે.**

## ઈમામ, મખ્લૂકાતે રબ્બાનીના સેન્ટર છે : કિસ્ત-૧૧

પાઁચમાં ઈમામ મૌ. જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, જે શખ્સ તમારા માંથી મુત્તકી બને અને નેક થાય યાઅની પોતાની જાનમાં ઈસ્લાહ કરે, તો તે હમારા અહલુલ બૈત (અ.સ.) માંથી છે. આપથી પૂછવામાં આવું કે, અય ફરઝંદે આલે મોહંમદ (અ.સ.)! શું આપના અહલે બૈત માંથી? આપે ફરમાવું કે, બિલા શક! તે મરદે મુત્તકી હમારા માંથી છે. હરએક મુમિન આલે મોહંમદ માંથી છે. ભલેને તે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખાનદાન માંથી ના હોય. આનો ઐન સબબ એ છે કે, **તે મુમિન કુરઆને કરીમની તમામ શરતોં મુતાબિક અમલ કરે છે અને આલે મોહંમદની નસીહતો પર ચાલે છે.** આ તરહ અલ્લાહના વલીયોના હર હુકમને સરઆઁખો પર ચઢાવનાર શખ્સ અલ્લાહના વલીયોના ઝુમ્રામાં છે. જે શખ્સ અલ્લાહ અને અલ્લાહના રસૂલના દુશ્મનને સાથ આપે તે અલ્લાહના દુશ્મનો શયતાનોં માંથી છે.

મુમિન જો એમ કહે કે, હું ઈમામને માનું છું, તો તેના આ કૌલની સચ્ચાઈ તે વક્ત સાબિત થાય કે, તેની ઝિંદગીના હર ગોશામાં, હર ગલીમાં, હર પહેલૂમાં, હર મુઆમેલાતમાં, હર કામમાં ઈમામનું નૂર દાખિલ થયું હોય. યાઅની કે, હર દીની અને દુનિયાવી મુઆમેલાતમાં ઈમામ તે મુમિનના સેન્ટર હોય. રબ્બુલ ઈઝઝતને તો તે મુમિન પોતાની કમ્ઝોર આઁખોંથી જોઈ શક્તો નથી, તો આના એવઝ તે રબ્બુલ ઈઝઝતનું નૂર પોતાના ઈમામમાં પરામી લે છે. આ નૂર કઈ ઝાહિરી તૌરથી દેખાતું નથી. પણ આ નૂર તેના ઈલ્મો અમલ, નિય્યતો તસવ્વુર, રિઝકો તિજારત, વહેવારો સંસારમાં એ તરહ ઘુલી-મિલી જાય છે કે, તેને યકીન થઈ જાય છે કે, તે જે કઈ કરી રહ્યો છે તે બિલકુલ તેના ઈમામના હુકમ મુજબ જ છે અને તેના ઈમામનો હુકમ તે રબ્બુલ ઈઝઝતનો જ હુકમ છે.

આ મુમ્કિન કઈ તરહ બનું કે, મુમિન દિલો જાનથી પોતાના ઈમામની તબાઅત, ફરમાઁબરદારી અને હુકમફરમાઈ કરે છે. નરમી-સખ્તી, પસંદ-નાપસંદ, ભારી-હલકું કોઈ પણ હાલતમાં ઈમામનું કહેવું તે હક્ક હોય છે. તેને માનવું મુમિન વાસ્તે ફરઝ હોય છે. **તો જ રબ્બુલ ઈઝઝત અને ઈમામનું નૂર મુમિનમાં ઉતરે છે.**

મખ્લૂકાત તરફ નઝર કરીએ, તો માઅલૂમ થાય છે કે, હરએક ચીઝ જો પોતાને સહી રાહ પર કાઈમ રાખવા માંગતી હોય અને પોતાની હસ્તીને તેની અસ્લી હાલતમાં સાચવવા માંગતી હોય તો તેને કોઈ એક હાકિમ જે ખુદા તરફથી હોય તેના નકશે કદમ પર ચાલવું જ પડે, કહ્યું માનવું જ પડે. તો જ તેને ખબર પડે કે, તે જે કઈ સોચે છે, કરે છે તે કેટલું ગલત અને ખામીભરૂં છે અને તેના સરપરસ્ત, તેને હિદાયત દેનાર કેટલા સાચા છે કે જેના સબબ તે ગુમ્રાહ થાતા બચી જાય છે.

ઈમામ સિવાય જે શખ્સ ખુદા તરફથી ના હોય અને તેના ઝાંસામાં, મકરમાં, ફરૈબમાં કોઈ ફસાઈ ગયો તો તેએ પોતાની ઝાતને ખોઈ દીધી. તેની જાન વાસ્તે તરક્કીની રાહ નહીં પણ પસ્તીની રાહ પકડી લીધી. નજાતના લિબાસના બદલે લાઅનતનો લિબાસ ઓઢી લીધો. આ જહાનમાં એવા લોગો કમ નથી કે, જેના ઈમામો ખુદા તરફથી નથી પણ ગુમ્રાહીના ઈમામો છે. **તે લોગોના દાઅવા ફિરઔન જેવા છે.** તેઓની વાતોની ભુલભુલામણીમાં જાહિલ લોગો ફસાઈ જાય છે. એવી બનાવટ કરે છે કે, ઝાહિરમાં એવા લોગો તેના જિસ્મ, કપડા અને મહેફિલથી સાચા લાગે મગર તે હક્કના ઈમામોની જ નકલ કરતા હોય. ઈમામ તે ઈમામ છે અને ઈમામને માનનારા, માઅમૂમ તે માઅમૂમ છે. જો માઅમૂમ ઈમામ હોવાનો દાઅવો કરે તો તે કમબખ્ત, કમફહેમ અને કમશેઆરનો શું હાલ થાય અને તેનાથી ઝિયાદહ તો એ કે તેના માનનારાના આઅમાલનું શું થાય? તે અહલે જહાઁ જાણે છે!!! ☆

**સબર કરનાર બૈરોની હર ઘડી અને નાની ઝહેમત ઈબાદતમાં શુમાર થાય છે.**

## ક્યા ખૂબ વો શાદી હે

ઈખ્લાસો મોહબ્બત હો, ખિદમત હો ઈબાદત હો,
મિલ જાએ એક જગા પર, ક્યા ખૂબ વો શાદી હે.
હર રસ્મ પર લગા હો, સિક્કા જો શરીઅત કા,
યે રસ્મ હો જહાઁ પર, ક્યા ખૂબ વો શાદી હે.
અલ્લાહ કી નેઅમત પર, અલ-હમ્દ કી દોઆ હો,
શુક્રે ખુદા હો લબ પર, ક્યા ખૂબ વો શાદી હે.
જિસ ઘર મેં હો મયસ્સર, ઔસર યે કરામત કા,
હો નૂરે ખુદા રૂખ પર, ક્યા ખૂબ વો શાદી હે.
રિશ્તોં કો નિભાના હી, પૈગામ હે શાદી કા,
મક્સદ હો અયાઁ સબ પર, ક્યા ખૂબ વો શાદી હે.
દુલ્હા-દુલ્હન કે વાસ્તે, યે રાસ્તા નયા હે,
તુમ ચલના સાથ મિલકર, ક્યા ખૂબ વો શાદી હે.
તાઅઝીમ હો બડોં કી, મહેમાનોં કી ઈઝ્ઝત હો,
ફઝ્લે ખુદા હો ઘર પર, ક્યા ખૂબ વો શાદી હે.
જબ ખુત્બએ નિકાહ હો, સબ રસ્મોં કી દિલો જાઁ,
સહેરા હો ફિર જો સર પર, ક્યા ખૂબ વો શાદી હે.
ખાના-ખરાબ હોગા, શયતાન હો જહાઁ પર,
રહેમાન હો જહાઁ પર, ક્યા ખૂબ વો શાદી હે.
શાદી મેં નાચતેં હૈં, વો લોગ શયાતીં હૈં,
તુમ રહેના ઈનસે બચકર, ક્યા ખૂબ વો શાદી હે.
દાઈ હો જહાઁ હાઝિર, દેતા હે ખુદા બરકત,
હોગા ખુશી કા મન્ઝર, ક્યા ખૂબ વો શાદી હે.
હાતિમ ઝકીયુદ્દીન કી, હો નઝરે કરમ હમ પર,
ઉનકો ન ભુલેં દર ભર, ક્યા ખૂબ વો શાદી હે.
અન્વર તું દેખ શાદી કે રંગોં સે સજા યે ઘર,
હો મરહબા ઝબાઁ પર, ક્યા ખૂબ વો શાદી હે. ✩

કહા રસૂલને શાદી હે ઘર કી આબાદી,
ન તુમ બિગાડના ઈસ કો કે હોગી બરબાદી,
હઝાર બાર યે ફરમાયા મૌલા હાતિમ ને,
રખે ખુશી સે સભી કો વહી તો હે શાદી.

કિતાબે ઝિંદગી કા એક નયા ઉન્વાન હે શાદી,
દુલ્હા-દુલ્હન કે ઘર મેં એક નયા મહેમાન હે શાદી,
નયા મહેમાન અપને સાથ લાતા હે બહુત ખુશીયાઁ,
જહાઁ ખુશીયોં કે ગુલ ખિલતેં હૈં વો બુસ્તાન હે શાદી.

આદમો હવ્વા હો, ઈબ્રાહીમ હો યા હાજરા,
પાક રિશ્તે સે હુઈ જા નસ્લ વો હે તૈયેબા,
હે નિકાહ કા રૂક્ન વો, દીં પાતા હે જિસ સે કમાલ,
દીન કી હે જાઁ, નિકાહ કા દિલ અલીયો ફાતેમા.

હર ઘર મેં શાદમાની કી શહેનાઈયાઁ બજે,
નફરત કે સખ્ત શોઅલોં કી ચિન્ગારીયાઁ બુઝે,
શાદી કરીબ લાતી હે સબ કો મિલાતી હે,
શાદી હી કયા કે જિસ મેં ન સબ દૂરીયાઁ મિટે. ✩

**નોંધ : મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ✩

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.